કચેરી : ૦૨૬૧-૨૪૨૫૦૦૨
અધ્યક્ષશ્રી : (ઓ.) ૦૨૬૧-૨૪૨૮૨૬૮, ૬૫૮૯૪૭૮
શાસનાધિકારી : (ઓ.) ૦૨૬૧-૨૪૧૫૬૭૯
Email-msbsmc@gmail.com

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત-૩૯૫ ૦૦૧

નંબર : ૫૦ ૭૫ તા.: ૨૧-૦૯-૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તમામ શાળાઓ,

સુરત.

વિષય :- "કિચન ગાર્ડન" "રાષ્ટ્રીય પોષણ માસ" - ૨૦૧૯ની ઉજવણી બાબત.

સંદર્ભ:-(૧)સંયુક્તકમિશનર,મ.ભ.યો.,ગાંધીનગરનાપત્રક્રમાંક:મભય/અમલ/કિગા/૨૦૧૯/૮૪૧૧-૪૪,તા.૦૯/૦૯/૨૦૧૯.

(૨) નાયબ કલેક્ટર, મ.ભ.યો.,સુરતના પત્ર નં. મભય/અમલ/કિચન ગાર્ડન/૨૦૧૯,તા.૧૬/૦૯/૧૯.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, "સુપોષિત ભારત વર્ષ ૨૦૨૨"ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવેલ છે. જેમાં શાળાઓમાં " કિચન ગાર્ડન " વર્ષ-૨૦૧૯ના ફ્લેગશીપ કાર્યક્રમ માં સમાવેશ થયેલ છે. જે અન્વયે સંદર્ભમાં દર્શાવેલ પત્રોનો અભ્યાસ કરી જે શાળાઓમાં મેદાન અને ગાર્ડનની વ્યવસ્થા થઈ શકે એવી શાળાઓમાં અમલ કરવાનો રહેશે. આ અંગે વધુ માહિતી માટે બીટ નિરીક્ષકશ્રી, સી.આર.સી.,યૂ. આર. સીનો સંપર્ક કરશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

બિડાણ:- સંદર્ભ પત્ર.

સવિનય નકલ રવાના :- (૧)મહે. નાયબ કલેક્ટરશ્રી, સુ.મ.ન.પા., સુરત.
(૨) મહે. અધ્યક્ષશ્રી, ન.પ્રા.શિ.સ.સુરત.

નકલ રવાના :- તમામ નિરીક્ષકશ્રી, તમામ યૂ.આર.સી તથા સી.આર.સી. જાણ તથા અમલ સારૂં.

અગત્યનું.

નં.મભય/અમલ/કિચન ગાર્ડન/૨૦૧૯
નાયબ કલેકટર, મ.ભો.યો. ની કચેરી
સુરત મહાનગરપાલિકા,ગોપીપુરા
સુરત તારીખ:૧૬/૯/૨૦૧૯

પ્રતિ,
સંચાલકશ્રી,
અક્ષયપાત્ર ફાઉન્ડેશન બેંગ્લોર
મુ.મગોબ, સુરત

વિષય:– " કિચન ગાર્ડન" રાષ્ટ્રીય પોષણ માહ"– ૨૦૧૯ ની ઉજવણી બાબત.
સંદર્ભ:–સંયુકત કમિશ્નરશ્રી, એમડીએમ,ગાંધીનગરના પત્ર નં. મભય/અમલ/કિ.ગા/૨૦૧૯ /૮૪૧૧–૪૪ તા:૯/૯/૨૦૧૯

ઉપરોકત વિષય બાબતના સંદર્ભમાં દર્શાવેલસંયુકત કમિશ્નરશ્રી, એમડીએમ,ગાંધીનગરના પત્ર નં. મભય/અમલ/કિ.ગા/૨૦૧૯ /૮૪૧૧–૪૪ તા:૯/૯/૨૦૧૯ના પત્ર આ સાથે સામેલ કરી સાદર કરેલ છે. સદરહું પત્રમાં જણાવ્યા મુજબ " કિચન ગાર્ડન" રાષ્ટ્રીય પોષણ માહ"– ૨૦૧૯ ની ઉજવણી કરવા જણાવેલ છે. અને પત્રમાં જણાવ્યા મુજબની અમલવારી કરી રીપોર્ટ કરવા સારૂ.

બિડાણ: ઉપર મુજબ

નાયબ કલેકટર
મધ્યાહન ભોજન યોજના
સુરત મહાનગરપાલિકા,સુરત

નકલ સવિનય રવાના: મે. શાશનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગોપીપુરા, સુરત તરફ

આવક નંબર એસ. એસ. બી....... ૮૮૫૭
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ.
સુરત તા.૧૮/૯/૨૦૧૯

અંગત્યનું

ક્રમાંક:મંભય/અમલ/કિ ગા/૨૦૧૯/૬૪૧-૪૪
કમિશનરશ્રીની કચેરી
મધ્યાહન ભોજન યોજના
બ્લોક નં ૧૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર.તા.૦૯/૦૯/૨૦૧૯

પ્રતિ
નાયબ કલેક્ટરશ્રી.
મધ્યાહન ભોજન યોજના.
તમામ જિલ્લા

વિષય : **"કિચન ગાર્ડન"** રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૧૯ ની ઉજવણી

શ્રીમાન.

આપશ્રી સુવિદિત છો કે. "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે સપ્ટેમ્બર-૨૦૧૯ ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં થઈ રહેલ છે. ગુજરાત સરકારે મધ્યાહન ભોજન યોજના અંતર્ગત પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન" વિકસાવવા માટે વિશાળ પાયે કામગીરી હાથ ધરવા નિર્ણય લીધેલ છે જેની [illegible] શાળાઓમાં હાલ કિચન ગાર્ડન હયાત છે તેનુ સવર્ધન થાય અને જ્યાં નથી તે તમામ શાળાઓમાં "કિચન ગાર્ડન" વિકસાવવાના છે.

"સુપોષિત ભારત-વર્ષ-૨૦૨૨" ના સ્વપ્નને સિધ્ધ કરવા માટે રાજ્ય સરકારના અનેક વિભાગો દ્વારા જુદી જુદી પ્રવૃતિઓ જુંબેશ રૂપે હાથ ધરવામાં આવેલ છે. પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન"નો વર્ષ-૨૦૧૯ ના ફ્લેગશિપ કાર્યક્રમમાં સમાવેશ થયેલ છે. "કિચન ગાર્ડનનો હેતુ". શાળાના પરિસરમાં મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને વધારે સારું પોષણ આપવામાં ઉપયોગી ઋતુ પ્રમાણે શાકભાજીના છોડ અને ફળાઉ ઝાડનું સંવર્ધન કરવાનો અને તેનો વિનામૂલ્યે ઉપયોગ મધ્યાહન ભોજન યોજનામાં કરવાનો છે.

હાલમાં વર્ષા ઋતુ ગુજરાતમાં સક્રિય છે. નવા છોડ, રોપાઓ ઉછેરવાનું અનુકૂળ વાતાવરણ છે. તેથી પ્રત્યેક શાળાઓમાં ઉપલબ્ધ જગ્યા પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજનામાં વપરાશ થઇ શકે તેવા શાકભાજીના છોડ ઉદાહરણ તરીકે, રીંગણ, ટામેટાં. દૂધી. ધાણા. મરચાં. આદું તથા સરગવા લીંબુ, જામફળ જેવા દીર્ઘઆયુ રોપાઓનું વાવેતર અને કાળજીપૂર્વક ઉછેર થાય તે માટે કામગીરી

મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલના તમામના સામુહિક પ્રયત્નોથી થાય તે જોવા વિનંતી છે.

પ્રત્યેક શાળામાં કિચન ગાર્ડનમાં ઉપયોગી છોડ શાકભાજીનું વાવેતર થાય તે જરૂરી છે. વધુમાં પોષણ માહ અભિયાન નો એક આશય વિદ્યાર્થીઓ અને વાલીઓ શિક્ષકોમા પોષણ અંગે જાગૃતિ લાવવાનો રહેલ છે. જિલ્લા કક્ષાએ થયેલ કામગીરી અને કાર્યક્રમોના વિગતો poshanabhiyaan.gov.in વેબસાઇટ પર અપલોડ કરાવવા વિનંતી છે. તો આપની કક્ષાએથી પ્રત્યેક DPEO અને TPEO કચેરીમાં વેબસાઇટ પર એન્ટ્રી કરાવવા માટે યોગ્ય સંકલન થવાં વિનંતી છે.

સંયુક્ત કમિશનર
મધ્યાહન ભોજન યોજના
ગાંધીનગર

નકલ રવાના

પ્રતિ,

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ તમામ DPEO ને પ્રત્યેક શાળામાં "કિચન ગાર્ડન" અંગેની કામગીરી અને કાર્યક્રમોની વિગતો તેમના USER ID માંથી અપલોડ કરવાની સૂચના આપવા સારૂ